# 10 જીભ

- જ્યોતીન્દ્ર દવે

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. તબીબો શેના માટે જીભ પર આધાર રાખે છે?
2. કેવી જીભ પાંડુરોગની નિશાનીરૂપ છે?
3. કેવી જીભ ઘણી-ઘણી રીતે સ્ત્રી જેવી છે?
4. જીભ થકી થતાં બે મુખ્ય કાર્યો કયાં છે?
5. જીભ અને સ્ત્રીમાં કઈ-કઈ બાબતોમાં સામ્ય છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. લેખકે તમામ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન નિરાળું શાથી ગણાવ્યું છે?
2. જીભ એક સાથે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય કેવી રીતે છે?
3. જીભ દ્વારા જાતિભેદ શી રીતે પરખાય છે?

4. જીભ ઉપર મનુષ્ય કેવી રીતે સત્તા ભોગવે છે?

5. જીભનું કામ મૃત્યુ બાદ પણ શી રીતે ચાલુ રહે છે?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. પ્રતિકૂળ સંજોગોમાં જીભ આનંદથી રહેવાનું કેવી રીતે શીખવે છે?

2. જીભ માટે ઈશ્વરે કઈ-કઈ વિશેષ સગવડ આપી નથી?

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. 'જીભ' કૃતિનો સાહિત્યપ્રકાર લખો.

2. 'જીભ' કૃતિના સર્જકનું નામ લખો.

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. જીભનું કાર્ય <u>જીવન</u> અંત આવતાં સુધી ચાલે છે.

2. જીભ <u>આનંદ</u> નિર્ભયપણે પોતાનું કામ કરી જાય છે.

**માગ્યા પ્રમાણે કરોઃ**

1. દુનિયાનાં બે મોટાં કાર્યો નાનકડી જીભ બજાવે છે. (કર્મણિવાક્ય બનાવો.)

2. છોકરો આગળ આવ્યો. (ભાવેવાક્ય બનાવો.)

3. ઈશ્વરને આટલો સુધારો કરવાનું સૂઝે તો ખોટું નથી. (સંયોજક શોધો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. કામીની પેઢે જીભના જાદુને કામળ પણ અનેરાં છે.

2. ધણીખરી ઈન્દરીઓ પર આપણા કાબુ નથી.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. નસીબ - ____________ ____________

2. ઉપાસક - ____________ ____________

**નીચેના શબ્દોના અર્થભેદ દર્શાવો.**

ગૃહ - ____________ ગ્રહ - ____________

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરોધી શબ્દ મૂકી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરી લખોઃ**

1. અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યોનું મગજ વધારે <u>બળવાન</u> હોય છે.
   ____________________
2. મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન <u>વિશિષ્ટ</u> છે.
   ____________________
3. મનુષ્યના મરણ પછી પણ એની જીભનું કાર્ય તો <u>ચાલુ</u> જ રહે છે.
   ____________________

**નીચેના દરેક શબ્દો માટે શબ્દસમૂહ લખોઃ**

1. આત્મશ્લાઘા - ____________
2. જલકમલવત્ - ____________
3. છિદ્રાન્વેષી - ____________

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખોઃ**

1. લૂલી - ____________ 2. હેર - ____________

**નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. બાંય ચઢાવવી - ____________
   ____________________
2. વાગ્યુદ્ધ ખેલવું - ____________
   ____________________
3. ઝાટકણી કાઢવી - ____________
   ____________________

•